# 41

**ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટ**

***15/4/2262 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):**માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે ૭૦ એમ.એલ.ડી.ના સી વોટર ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી ક્યારે, કોને, કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે સોંપવામાં આવેલ છે, | (૧) | તા-૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે ૭૦ એમ.એલ.ડી. ડીસેલીનેશન પ્લાન્ટ પ્રોજેકટની કામગીરી નીચેની વિગતે સોંપવામાં આવેલ છે.<br>• ઉક્ત કામગીરી મે. શાપુરજી પાલૂનજી એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, મુંબઇ અને એકવાટેક સિસ્ટમ એશિયા પ્રાઇવેટ લિમિટેડ જોઇન્ટ વેન્ચર દ્વારા સ્થાપિત એસ.પી.વીને તા.૧૮-૧૧-૨૦૧૯ થી સોપવામાં આવેલ છે.<br>• સદર એસ.પી.વી. દ્રારા જરૂરી તમામ મંજુરીઓ મેળવી તેમજ નાણાંકીય વ્યવસ્થાપન પૂર્ણ થયેથી બે વર્ષમાં તમામ કામગીરી પૂર્ણ કરીને કાર્યાન્વિત  કરવાની શરતે સોંપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોય તો એજન્સી સામે શા પગલાં લીધા, અને | (૨) | • નાણાંકીય વ્યવસ્થાપન તા.૨૬/૦૫/૨૦૨૩ ના રોજ  પૂર્ણ કરવામાં આવેલ છે.<br>• નાણાંકીય વ્યવસ્થાપન પૂર્ણ થયેથી બે વર્ષ એટલે કે તા.૨૬-૦૫-૨૦૨૫ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાની થાય છે.<br>• હાલ ભૌતિક કામગીરી પ્રગતિમાં છે.. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્લાન્ટ કાર્યરત થયેલ હોય તો છેલ્લા બે વર્ષમાં કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું ? | | • હાલ કામગીરી પ્રગતિ હેઠળ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------------------